હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કાકા... આટલા ભારે વરસાદમાં તમારો પાક ધોવાઈ ગયા પછી તમને કેવું લાગે છે ? તે અમારા દર્શકોને જણાવો...!!

શહેરના ત્રણ રંગમંચોના રીનોવેશન માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ

સે-૨૪, સે-૨૭ અને સે-૮ ના રંગમંચને અદ્યતન અને સુવિધાસભર બનાવાશે

ગાંધીનગર તા ૧૯

શહેરના સેકટરોમાં રંગમંચને નવા રૂપરંગ આપવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. શહેરના સે-૨૪, સે-૨૭ અને સે-૮ ના રંગમંચના રીનાવેશનનુ કામ હાથ ધરાશે. જેમાં સે -૮ ના રંગમંચને નમુનારૂપ બનાવાશે. આ ત્રણેય રંગમંચના રીનોવેશનને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં કલાકારાને સ્ટેજ પુરુ પાડવા માટે દાયકાઓ પુર્વે રંગમંચનુ નિર્માણ કરાયુ હતુ સેકટરોમાં રંગમંચ પર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવતુ હતુ. પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી જાળવણીના અભાવે રંગમંચ બિન ઉપયોગી બનતા આમ નાગરિકોમાં પણ આ રંગમંચના રીનોવેશન માટે માંગ ઉઠવા પામી હતી. અગાઉ સેકટરોના કેટલાક રંગમંચ કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા હતા. જયારે આ પૈકી સે-૧૬ ના રંગમંચને પણ નવો કોર્પારેટ લુક આપવામાં આવ્યો છે. જયારે રંગમંચની હાલત કંગાળ બનતા સેકટરોમાં લગ્ન પ્રસંગે પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તબક્કવાર રંગમંચોનુ રીનોવેશન હાથ ધરવામાં આવી રહયુ છે. આગામી દિવસોમાં સે-૨૪, સે-૨૭ અને સે-૮ ના રંગમંચનુ રીનોવેશન કામ હાથ ધરાશે. જેમાં સે-૮ ના રંગમંચને પણ નવા રૂપરંગ આપવામાં આવશે. આ ઉપરાંત સઘળી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. સેકટરોના આ રંગમંચમાં રસોડુ, પેવર બ્લોક પાર્કીંગ, શૌચાલય બગીચા સહીત લાઈટીંગની સુવિધાઓ પણ અદ્યતન કરવામાં આવશે. આ રંગમંચોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે હજુ રંગમંચના રીનોવેશન માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી શરૂ થતા હજુ સમય લાગશે.

ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થયા બાદ નવા રૂટમાં બસો દોડશે

ગાંધીનગર ડેપોમાં નવા ડ્રાઇવર કંડકટરની ભરતી બાદ જિલ્લાના ગામો માટે પણ નવા રૂટ શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં આગામી દિવસોમાં ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થયા બાદ જિલ્લાના ગામોમાં પણ સલામત સવારીની સેવા યોગ્ય રૂટમાં ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવશે. હાલ એસ ટી ડેપોમાં ૫ ડ્રાઈવર તેમજ ૬ કંડકટરની ઘટ છે. જયારે ભરતી પ્રક્રીયાના અંતે ટુંકમાં જ આ ઘટનો પ્રશ્ન હલ થશે તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલ શહેરી બસ સેવા ઉપરાંત અન્ય શહેરોને જોડતી બસો પણ શરૂ કરવામાં આવી રહી છે. તબક્કવાર સુરત રાજકોટ સહીતના શહેરમાંથી આવતા મુલાકાતીઓ માટે પણ ખાસ વોલ્વો બસ સેવા શરૂ કરાઈ છે. આ ઉપરાંત અન્ય રૂટોમાં પણ એસ ટી ની સલામત સવારી નસીબ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે હજુ પણ શહેર ઉપરાંત જિલ્લાના ગામોમાં એસ ટી બસ સુવિધા પહોંચતી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. અવાર નવાર ગાંધીનગર જિલ્લાના ગામોમાં એસ ટી બસ આવતી ન હોવાની ફરિયાદો ગ્રામજનો કરે છે.જયારે આ માટે નવા રૂટોની બસો દોડતી કરવા માટે પણ એસ ટી તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

હાલ એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ભરતીના અંતે પણ ઘટ છે. અલબત્ત હાલની સ્થિતિએ ગાંધીનગર ડેપોમાં ૫ ડ્રાઈવર તેમજ ૬ કંડકટરની ઘટ છે. એકબાજુ એસ ટી નિગમ દ્વારા ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન નિવારવા માટે ભરતી પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેમાં ડ્રાઈવરની ભરતી માટે આગામી દિવસોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે જયારે કંડકટરની ભરતી માટે પરીક્ષા લેવાઈ ગઈ છે. જેના અંતે પસંદગી મુજબ ગાંધીનગર ડેપોને પણ ડ્રાઈવર કંડકટરની ફાળવણી કરવામાં આવશે. જયારે આ ભરતીના અંતે ગાંધીનગર ડેપોમાં પણ ઘટનો પ્રશ્ન હલ થશે.

ડ્રાઈવર કંડકટરની ભરતીના અંતે ડેપોમાં પણ આ ઘટનો પ્રશ્ન હલ થતાની સાથે જ નવા રૂટોની બસ સેવા શરૂ કરવા માટે આયોજન કરી દેવાશે. જેમાં એસ ટી ડેપોના મેનેજરના જણાંવ્યા મુજબ નવા રૂટોની બસમાં ગાંધીનગર જિલ્લાના ગામોમાં પણ એસ ટી બસ સેવા મળી રહે તેવુ આયોજન કરવામાં આવશે. જેથી ગ્રામ્ય વિસ્તારમાં સલામત સવારી ગ્રામજનોને મળી રહે તેવા રૂટ પણ ગોઠવવામાં આવશે.

ગાંધીનગર ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટિનો પ્રારંભ

હવે ગાંધીનગર ખાતે પણ જિલ્લા કક્ષાની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલફેર કમિટની શાખાનો પ્રારંભ કરાયો છે. આ કમિટિના ગાંધીનગર જિલ્લાના પ્રેસિડેન્ટ પદે વસીમ કાદરી અને વાઈસ પ્રેસિડેન્ટ પદે દિપક વ્યાસની નિમણુંક કરવામાં આવી છે. તાજેતરમાં એફ ડીસીડબલ્યુસીના એક ડેલિગેશને ગાંધીનગરના જિલ્લા પોલિસ અધિક્ષ અને ડેપ્યુટી મેયરની મુલાકાત લઈ સંસ્થાના કાર્યો અંગે માહિતીનું આદાન પ્રદાન કર્યું હતું. આ ડેલિગેશનમાં સંસ્થાના જનરલ સેકેટરી અનિલ મોરે, ગાંધીનગર જલ્લા પ્રેસિડેન્ટ વસીમ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ દિપક વ્યાસ, અમદાવાદના જનરલ સેકેટરી ડૉ. રોશન ભાવસાર તથા શ્રીમતી ગીતા વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ જિલ્લા એકમના હોદ્દેદારોને શુભેચ્છા પત્ર એનાયત કર્યા હતા.

જિલ્લાના ૧૫ ગ્રામસેવકો જમીનોના નુકશાન અંગે સર્વે માટે ગીર-સોમનાથ જશે

ગાંધીનગર, તા. ૧૯

ગીર-સોમનાથમાં થયેલા ભારે વરસાદને કારણે થયેલા જમીનોના ધોવાણના સર્વે માટે ગાંધીનગર જિલ્લાના ૧૫ ગ્રામ સેવકો મોકલવામાં આવશે.

મળતી વિગતો મુજબ ગીર-સોમનાથમાં થયેલા ભારે વરસાદમાં ખેતીને ભારે નુકશાન થયુ છે. જમીનોનું પણ ધોવાણ થયેલ છે. ગીર-સોમનાથમાં ઉભી થયેલી કુદરતી આપત્તિમાં નુકશાનીનો સર્વે કરવા સરકારે અન્ય જિલ્લાઓમાં ૧૦૦થી વધુ ગ્રામસેવકો મોકલવાનો નિર્ણય કરેલ છે.

રાજ્ય સરકારના આ નિર્ણયને પગલે ગાંધીનગર જિલ્લાના ૧૫ ગ્રામ સેવકોને ફાળવી આપવા માટેના આદેશો કરાયા છે. જિલ્લા પંચાયત દ્વારા પણ ૧૫ જેટલા ગ્રામસેવકોની ફાળવણી કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

એકાદ દિવસમાં આ અંગેના જરૂરી હુકમો કરી દેવાશે અને તે પછી આ ગ્રામસેવકોની ટીમ સર્વે માટે જવા રવાના થશે. જોકે આજે પણ ગીર-સોમનાથ પંથકમાં વરસાદ ચાલુ હોવાનું જાણવા મળેલ છે. સોમવારે આ ગ્રામસેવકો વરસાદનું જોર ઘટતાં ગીર-સોમનાથ જવા રવાના થશે.

આજે કોંગ્રેસની મહત્વની બેઠક પંચાયત ખાતે મળશે

ગાંધીનગર, તા. ૧૯

આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થાય તે માટે કોંગ્રેસ પક્ષે કવાયત આદરી છે. જેના ભાગરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની ટીમના રાજીવ સાતાવજીની આગેવાનીમાં રાષ્ટ્રીય આગેવાનો ગુજરાતના જીલ્લા ખુંટી રહ્યા છે. જ્યાં એઆઈસીસીના સેક્રેટરી જીતેન્દ્ર બઘેલની વિશેષ ઉપસ્થિતિમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને તેમજ જી.પ. પ્રમુખ શ્રીમતી મંગુબેન પટેલની અતિથિ વિશેષ પદે ગાંધીનગર જીલ્લા કોંગ્રેસની તાકીદની અગત્યની બેઠક તા-૨૦-૭-૨૦૧૮ શુક્રવારે બપોરે ૩.૩૦ કલાકે જીલ્લા પંચાયત ખાતે યોજવામાં આવી છે. જ્યાં ધારાસભ્યો, પંચાયત/નગરપાલિકાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ફ્રન્ટલ ઓર્ગેનાઈજેશન, વિવિધ સેલ-વિભાગના પદાધીકારીઓ, તાલુકા-શહેરના પ્રમુખો, જીલ્લા-તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો સહીત જીલ્લાના તમામ આગેવાનોને ઉપસ્થિત રહેવા જીલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાજ્યભરની ૪૦૦૦થી વધુ લક્ઝરી બસોનાં પૈડા આજે થંભી જશે

ડીઝલ અને પેટ્રોલના સતત વધતા ભાવ સહિતના મુદ્દે આવતી કાલથી ટ્રાન્સપોર્ટર્સ અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરવાના છે. ટ્રાન્સપોર્ટર્સ એસોસિયેશનને ખાનગી લક્ઝરી બસ એસોસિયેશને સમર્થન જાહેર કરતાં આજે એક દિવસ માટે રાજ્યભરની મોટા ભાગની લક્ઝરી બસોનાં પૈડાં થંભી જશે. આજના રાતના ૧૨ વાગ્યાથી આવતી કાલના રાતના ૧૨ વાગ્યા સુધી લક્ઝરી બસો દોડશે નહીં. ૨૦મીએ રાતના બાર વાગ્યા પછી રાબેતા મુજબ ખાનગી લક્ઝરી બસ સેવા શરૂ થઈ જશે. ટ્રાન્સપોર્ટર્સ એસોસિયેશન દ્વારા સવારના ૬ વાગ્યાથી કોઈ પણ માલનાં બુકિંગ નહીં લેવાનો નિર્ણય લેવાયો છે.

દિવ્યાંગોને દસ મહિનાથી મળવાપાત્ર સહાય યોજનાની રકમ મળી જ નથી !

ગાંધીનગર, તા.૧૯

રાજયમાં વસવાટ કરતા અંધ અને અન્ય દિવ્યાંગોને વૃધ્ધા પેન્શન અને સંત સુરદાસ સહાય યોજના હેઠળ પ્રતિમાસ રકમ ચુકવવામાં આવે છે. પરંતુ છેલ્લા દસ મહિનાઓથી દિવ્યાંગોને મંજુર થયેલી રકમમાં અનિયમિતતા થઈ રહી છે. ત્યારે કચેરી ખાતે તપાસ કરતા કર્મચારી-અધિકારી જણાવી રહ્યા છે કે આધારકાર્ડ લીંક કરવાનું હોવાથી સહાયમાં વિલંબ થઈ રહ્યો છે.જયારે દિવ્યાંગોને ડીજીટલ ઈન્ડીયાના સમયમાં ધક્કા ખાવાનો વારો આવ્યો છે. જેને પગલે દિવ્યાંગોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

સંતસુરદાસ સહાય યોજના તેમજ વૃધ્ધા પેન્શન અંતર્ગત રાજયમાં વસવાટ કરતા દિવ્યાંગો અને અંધજનોને વિવિધ સહાય પુરી પાડવામાં આવી રહી છે.જેને પગલે નક્કી કરાયેલી રકમ જે તે દિવ્યાંગોને મળી રહી છે. પરંતુ આધારકાર્ડ લીંગ કરવાનું હોવાથી કેટલાય દિવ્યાંગોને છેલ્લા દસ માસથી મંજુર થયેલ રકમ મળી નથી તો જે અંગે રજુઆતો કરાતા આધારકાર્ડ લીંગ કરવાની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે તો પછી દિવ્યાંગોને નિયમિત આ રકમની ચુકવણી થતી કેમ નથી. તેની સામે પણ અનેક સવાલો ઉભા થયા છે. દિવ્યાંગોને મળવાપાત્ર રકમમાં અનિયમિતતા ઉભી થતા ના છુટકે વિવિધ કચેરીઓમાં ધકકા ખાવાની નોબત આવી છે. જેથી સત્વરે આ સમસ્યાનું નિરાકરણ આવે અને દિવ્યાંગોને નિયમિત સહાય પ્રાપ્ત થઈ શકે તે માટે નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

સે-૩ ગાર્ડનમાં લાઈટ શરુ કરવા કોર્પોરેટરની તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૭ માં સમાવેશ સેકટર-૩ ના ગાર્ડનની લાઈટ બંધ હોવાથી સમગ્ર વિસ્તારમાં અંધકાર છવાઈ જાય છે. રાત્રીના અંધકારને પગલે અસામાજીક પ્રવૃતિઓ અને તત્વોનો વસાહતીઓને ભય સતાવે છે. સેકટરમાં લાઈટ બંધ રહેતા ચોરી-લુંટના બનાવો પણ બને છે. જયારે તંત્ર દ્વારા નાંખવામાં આવેલ સોલાર લાઈટની બેટરીઓ પણ ચોરી થઈ જાય છે. ત્યારે જાળવણીના અભાવે ગાર્ડનની હાલત કથળતી જાય છે, જેથી લાઈટની વ્યવસ્થા સત્વરે કરવામાં આવે તે માટે કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલાએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરના ગાર્ડનોમાં લાઈટ હોવાથી મોડીરાત સુધી બાળકો રમતા નજરે પડે છે. ત્યારે સેકટર-૩ ના વસાહતી ભાઈ બહેનોને પોતાના બાળકોને અન્ય સેકટરના ગાર્ડનમાં લઈ જવાની ફરજ પડે છે. સેકટર-૩ના ગાર્ડનમાં લાઈટ ન હોવાથી વસાહતીઓને ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. ગાર્ડન સહિત આસપાસના સેકટરના કેટલાક આંતરીક માર્ગોની પણ લાઈટો ડુલ હોવાથી ચોમાસાની સિઝનમાં પાણી ભરાઈ રહેતા અને કાદવ-કિચડને પગલે વસાહતી ભાઈ બહેન હેરાન પરેશાન થઈ જાય છે. હાલના સમયે લાઈટો બંધ રહેતા નાગરીકોને ચોરીનો ભય સતાવી રહ્યો છે. ત્યારે વોર્ડ નં-૭ ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલાએ તંત્રને લેખિત જાણ કરી સે-૩ ગાર્ડનની લાઈટ શરુ કરવા માટે જાણ કરી છે.

ગુજરાતના ૩૬ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૯

રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તેનું જોર થોડું ઘટાડ્યું છે. વરસાદી જોર ઘટતા તંત્રને રાહત થઈ છે. જો કે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અનેક વિસ્તારોની હાલત હજુ પણ કફોલી બનેલી છે. જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. પાણી ઉતરતા બચાવ અને રાહત કામગીરી તીવ્ર કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત ટીમો સક્રિય છે.

રાજ્યના ૩૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જેમાં જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩૩મીમી એટલે કે પાંચ ઈંચથી વધુ અને વેરાવળ તાલુકામાં ૧૧૫ મીમી, કોડીનારમાં ૧૧૦ મીમી, માંગરોળમાં ૧૦૫ મીમી વળી કુલ ૨ણ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે ૧૯-૭-૨૦૧૮નેસવારે સાત કલાક દરમિયાન જામનગર તાલુકામાં ૯૬મીમી, કેશોદમાં ૮૪ મીમી, માળિયામાં ૭૪ મીમી મળી કુલ ત્રણ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે કાલાવાડ તાલુકામાં ૬૯મીમી, તલાલામાં ૬૮ મીમી, વઘઈમાં ૬૮ મીમી, ઉનામાં ૬૨ મીમી, વીસાવદરમાં ૫૯ મીમી, લાલપુરમાં ૫૮ મીમી, સુત્રપાડામાં ૫૭મીમી, જામજોધપુરમાં ૫૬ મીમી, સાંધીધામમાં ૫૪ મીમી, ગીર-ગઢડામાં બાવન મીમી, ધરમપુરમાં ૫૨ મીમી, ચીખલીમાં ૫૦ મીમી અને જાફરાબાદમાં ૫૦મીમી મળી કુલ ૧૩ તાલુકામાં બે ઈંચથી વધુ અને અન્ય ૧૬ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ હોવાના અહેવાલ મળ્યા છે. આજે સવારે ૮થી ૧૦ કલાક દરમિયાન વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં ૭૩ મીમી એટલે કે ત્રણ ઈંચ જેટલો વરસાદ, બોરસદમાં ૪૭ મીમી, કપરાડામાં ૪૪ મીમી, ડાંગમાં ૪૨ મીમી, વાસંદામાં ૩૫ મીમી, આંકલાવમાં ૨૭મીમી, બોડેલીમાં ૨૭મીમી એમ મળી ૬ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે.

ડેમોક્રેટીક પિપલ્સ એસોસિએશનની બેઠક યોજાશે

ડેમોક્રેટીક પિપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર કારોબારી સમિતિની ત્રિમાસીક બેઠક સંસ્થાના ઉપપ્રમુખ ડી.એમ. પરમારના નિવાસસ્થાને પ્લોટ નં ૫૪૦-૨ સેકટર-૭ બી તા.૨૭ જુલાઈને શુક્રવારના રોજ સાંજના ૪.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

સુઘડ ખાતે બે સ્કૂલવાન અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

એન.આર.એલ.એમ. તથા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આજીવિકા એકસપ્રેસ યોજના (એ.જી.ઈ.વાય) શરુ કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ અંતરીયાળ વિસ્તાર અને છુટા છવાયા જુથો કે જયાં શાળા શરુ કરવી શકય ન હોય તેવા વિસ્તારનાં બાળકો માટે ઘરથી શાળા સુધી ટ્રાન્સપોર્ટેશન સુવિધા પુરી પાડવાનો છે.

આ યોજના અંતર્ગત આજરોજ સુઘડ ગામનાં વણઝારાવાસમાં વસતાં ૬૦ બાળકો માટે બે સ્કૂલવાન લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર હિતેષ કોયા, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર, અધિક સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર જયશ્રી દેવાંગન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર નિયામક જી.પી. બ્રહમભટ્ટ, તથા સુઘડ ગામના સરપંચ ધ્વારા લીલી ઝંડી આપી બન્ને સ્કુલ વાનનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

સ્કૂલવાનનું પ્રસ્થાન કરાવ્યા બાદ યોજાયેલ સમારંભમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, આ સુવિધાથી શાળાના બાળકોનો ડ્રોપઆઉટ રેશીયો ઘટશે તથા વાલીઓને પણ પોતાના બાળકો માટે ફ્રી તથા સલામત ટ્રાન્સપોર્ટેશન મળશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગર, કિરણબેન પટેલ, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી જાનવી પટેલ, જિલ્લા લાઈવ્લીહુડ મેનેજર, એન.આર.એલ.એમ., ગાંધીનગર જીતેન પારેખ, સુઘડ પ્રાથમિક શાળાના આચાર્ય ચેતન પટેલ, તથા અન્ય શિક્ષકો, એન.આર.એલ.એમ સ્ટાફ, શાળાનાં બાળકો તથા તેમના વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

આ બન્ને સ્કુલવાનોનું સંચાલન એન.આર.એલ.એમ અંતર્ગત રચાયેલ બ્રમાણી સ્વસહાય જુથ ધ્વારા કરવામાં આવશે. જેથી તે વિસ્તારનાં બાળકોને ૩ કિ.મી. જેટલો લાંબો રસ્તો તથા અતિ વ્યસ્ત એવા રીંગ રોડને ઓળંગીને જવામાં થતી રોજબરોજની તકલીફમાંથી છુટકારો મળશે.

ગાંધીનગર સહિત જિલ્લામાં ભારે વરસાદની આગાહી

અત્યારે દક્ષિણ ગુજરાત અને જૂનાગઢ, પોરબંદર સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘ રાજાએ દેધનાધન કરી દીધી છે. જેના પગલે આ વિસ્તારોમાં જળબંબાકાર જોવા મળે છે. નીચાણવાળા વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું છે. અનેક લોકોને સ્થળાંતર કરાવ્યા છે ત્યારે કેટલાક લોકોએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. આવી વરસાદી માહોલ વચ્ચે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ પ્રમાણે રાજ્યમાં ગાંધીનગર, અરવલ્લી, દાહોદ, મહિસાગર, ડાંગ, નવસારી, વલસાડ, જૂનાગઢ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડશે. જ્યારે અમદાવાદ સહિત મોટા ભાગના જિલ્લાઓમાં સામાન્ય વરસાદ રહેશે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદ અને ઉપરવાસમાં પડતા વરસાદના પગલે નદીઓમાં પાણીની આવક વધી રહી છે. જેના પગલે જળાશયોમાં પાણીની આવક થઈ રહી છે.

ગાંધીનગર ખાતે ૨૭મીએ ડિફેક્ટ પ્રમાણપત્ર નોંધણી શિબિર

ગાંધીનગર, તા. ૧૯

ઉદ્યોગ કમિશનરની કચેરી, ગાંધીનગર અને ZED ડિવિઝન ઓફ ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (QCI), નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ઝીરો ઈફેક્ટ ઝીરો ડિફેક્ટ (ZED) પ્રમાણપત્રની નોંધણી કરાવવા માટેની શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબીર તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૮ના રોજ બપોરના ૩ કલાકથી ગાંધીનગર ઈલેકટ્રોનિક્સ એસ્ટેટ, ક-પના સર્કલ પાસે, સેકટર-૨૫, ગાંધીનગર ખાતે યોજાશે. આ શિબીરમાં ગાંધીનગર જિલ્લાના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના નોંધાયેલા ઔધોગિક એકમો ભાગ લઈ શકશે.

આ શિબીરમાં ઝીરો ઈફેક્ટ ઝીરો ફિફેક્ટ પ્રમાણ પત્રની નોંધણી કરવાથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના નોંધાયેલા ઔધોગિક એકમોને થતાં ફાયદા અને નાણાંકીય પ્રોત્સાહનની વિગતવાર માહિતી અને માર્ગદર્શન અધિકારીઓ દ્વારા આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઔધોગિક એકમોના પ્રતિનિધિઓએ તેમના એકમની ઉદ્યોગ આધાર નોંધણી, EM.>> કે SSI નોંધણી પ્રમાપત્રની નકલ સાથે આ શિબીરમાં ભાગ લેવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરના જનરલ મેનેજરએ જણાવ્યું છે.

ટચૂકડી જાહેરાત

ઝેરોક્ષ/પ્રિન્ટીંગ/બાઈન્ડીંગ/લેમિનેશન/સ્કેનિંગ/સ્ટેમ્પીંગ(રબર/ઓટોઈન્ક)/સ્ટેમ્પીંગ (ઓટોઈન્ક) રીફીલીંગ/સીડી-ડીવીડી રાઈટ્સની કામગીરી માટેના વાર્ષિક ભાવકરાર નક્કી કરવાના હોઈ, રસ ધરાવતી ગાંધીનગર સ્થિત એજન્સીઓએ તા. ૨૭.૦૭.૨૦૧૮ સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપરથી ડાઉનલોડ કરી, તા. ૦૪.૦૮.૨૦૧૮ના રોજ કચેરી સમય દરમ્યાન રજી.એડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહિં. (કવર ઉપર "ઝેરોક્ષ/પ્રિન્ટીંગ કામનું ભાવપત્રક" ફરજીયાત દર્શાવવાનું રહેશે.

વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)
ટેલિ ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૪૬૧૨૬/૨૭/૨૮

જાહેર નિવિદા

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી હસ્તકના સેકટર-૩૦ મુક્તિધામમાં મૃતદેહના અગ્નિ સંસ્કાર માટે બળતણ માટે ઉપયોગમાં આવે તેવા દળદાળ મીક્સ લાકડા, (લીલા કે ભીંજાવેલા કે, સડેલા ન હોવા જોઈએ.) જલાઉ સુકા લાકડા પુરા પાડવા માંગતા તથ પાન નંબર ધરાવતા ઈસમો પાસેથી ટેન્ડરમાં ભાવો માંગવામાં આવે છે.

ટેન્ડરની નોન ટ્રાન્સફરેબલ કોપી તેની શરતો સાથે નોન રીફંડેબલ ટેન્ડર ફી રૂ. ૧૫૦૦-૦૦ રોકડેથી કચેરીમાંની હિસાબી શાખાએ જમા કરાવ્યેથી તા. ૨૦/૭/૨૦૧૮ થી તા. ૩૦/૭/૨૦૧૮ સુધીમાં સવારના ૧૧-૦૦ વાગ્યાથી ૧૪-૦૦ વાગ્યા સુધી ઓફીસ સમય દરમિયાન મળશે. ટેન્ડર સાથે અર્નેસ્ટમની રકમ રૂ. ૧૫,૦૦૦-૦૦ ભર્યા અંગેની ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીની પહોંચ અચુક ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. તે સિવાય ટેન્ડર ભરેલ ભાવો સ્વિકારવામાં આવશે નહીં.

આ કામે પ્રિબિડ મીટીંગ તા. ૨૪/૭/૨૦૧૮ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીએ ૧૫-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

ભાવ ભરેલ ટેન્ડર બંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટથી તા. ૨/૮/૨૦૧૮, બપોરના ૧૬-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાનું રહેશે. ટેન્ડર કોપી લેવા તેમજ મોકલવાનું સરનામું કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧, ફોન નંબર - ૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦

સ્થળ : ગાંધીનગર — કમિશનર
તારીખ : ૧૯/૭/૨૦૧૮ — ગાંધીનગર મહાનગરપાલિકા
માહિતી/૧૦૩૧/૧૮-૧૯